ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G






જે પિડ પરાઈ જાણે રે... - ગાંધીનગરની જાણીતી સંસ્થા કલાગુર્જરી દ્વારા દર વર્ષની જેમ ગાંધી જયંતિ નિમિત્તે ગાંધી ગીતો અને ભજનોના કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે... ૨જી ઓક્ટબરના રોજ સવારે ૯-૧૫ કલાકે ટાઉન હોલ સામેની લોનમાં યોજાયેલા કાર્યક્રમમાં ગુજરાતના જાણીતા ગાયકો દ્વારા ગાંધી ગીતો અને ભજનોનું દેશપ્રેમીઓને રસપાન કરાવ્યું હતું. આ ઉપરાંત ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓએ રેંટિયો કાંતિ ગાંધી વિચારધારનું દર્શન કરાવ્યું હતું.

# અક્ષરધામ મંદિર બહાર પણ સ્વયં સેવકોએ સફાઈ હાથ ધરી

## કલીન અક્ષરધામ-ટીમ અક્ષરધામના કન્સેપ્ટને લઈ ૧૦૦ સ્વયંસેવકો કામે લાગ્યા

ગાંધીનગર, તા. ૨

ગાંધી જયંતિ નિમિત્તે શહેરમાં ઠેર ઠેર સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આજે શહેરમાં સ્થિત વિવિધ કચેરીઓ ઉપરાંત શોપિંગ વિસ્તારમાં પણ આગેવાનો આમ નાગરિકો સફાઈ કામમાં જોડાયા હતા જયારે અક્ષરધામ મંદિર બહાર પણ મંદિરના ૧૦૦ જેટલા સ્વયંસેવકોએ સફાઈ કરી હતી.

સ્વચ્છ ભારત સપ્તાહની ઉજવણી અન્વયે શહેરમાં કચરો ઉલેચવા ઠેર ઠેર સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આજે ગાંધી જયંતિ નિમિત્તે નગરની વિવિધ કચેરીઓમાં તેમજ જાહેર સ્થળોએ પણ ગંદકી ઉલેચવાની ઝુંબેશ હાથ ધરાઈ હતી. સેકટરોમાં ઠેર ઠેર સ્થાનિક આગેવાનો તેમજ આમ નાગરિકો સફાઈ કરતા નજરે પડયા હતા. આ ઉપરાંત ધાર્મિક સ્થાનોએ પણ સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જેમાં સુપ્રસિધ્ધ અક્ષરધામ મંદિરના સ્વયંસેવકોએ પણ ઉમદા કામગીરી કરી હતી. મંદિરના ૧૦૦ જેટલા સ્વયંસેવકો દ્વારા મંદિર સંકુલ બહારની દિવાલ ફરતે તેમજ પાર્કીંગ વિસ્તારમાં પાવડા અને તગારા વડે સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. કલીન અક્ષરધામ-ટીમ અક્ષરધામના સ્લોગનને સાર્થક કરવાના આશય સાથે સ્વયંસેવકો સફાઈ કામમાં જોડાયા હતા.



મારું મન મોર બની થનગાટ કરે - નવલી નોરતા અંતિમ ચરણમાં છે ત્યારે ગરબા પ્રેમીઓ મનભરીને ગરબે ઘૂમ્યા હતા. ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા આયોજીત 'નવરાત્રિ' મહોત્સવમાં બુધવારે નાના બાળકોથી લઈને અબાલ વૃદ્ધ સૌ કોઈ ગરબાના તાલે, સૂરના સથવારે અને ઢોલના ધબકારે ઝુમ્યા હતા. આ ઉપરાંત ગરબા પ્રેમીઓ ખાસ પારંપરિક ગરબા સાંભળવા પણ કલ્ચરલ ફોરમ દ્વારા આયોજીત ગરબા સાંભળવા મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. અંતિમ ચરણમાં પહોંચેલી નવરાત્રિમાં યુવાઓ ઓરતા પૂરા કરવા થનગની રહ્યા છે.... (તસવીર : દિપક જાની)

ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન

વિજ્યા દશમીના પર્વની હાર્દિક શુભકામના
આવો...અસ્વચ્છતાના રાક્ષસનું દહન કરીએ....

ગાંધીનગરની જનતાને નમ્ર વિનંતી કે આપના ઘરે સુકો કચરો જેવો કે પ્લાસ્ટીક, મેટલ, કાગળ, પુઠા, રબર અલગ ડસ્ટબિનમાં એકઠો કરવો અને ભીનો કચરો જેવો કે શાકભાજી, ફ્રુટ વેસ્ટ, એઠવાડ, જાડના પાંડદા અલગ ડસ્ટબિનમાં એકઠો કરવો. ડોર ટુ ડોરની ગાડી કચરો લેવા આવે ત્યારે તેને અલગ - અલગ ડસ્ટબિનમાં કચરો આપવો.
અસ્વચ્છતાના દૈત્ય ને નાથવાના અભિયાનમાં ગાંધીનગરની આપ સ્વચ્છતા પ્રિય જનતા ને સાથ આપવા નમ્ર વિનંતી છે.

.....સ્વચ્છ ગાંધીનગર સ્વસ્થ ગાંધીનગર.....

Govt. of India Regd. No. 38383/82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com